# વર્ષ ૨૦૨૩-૨૪

# ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર


## માહિતી (મેળવવાના) અધિકાર અધિનિયમ ૨૦૦૫ ના અમલીકરણ મેન્યુઅલ

## પ્રકરણ -૨ કલમ -૪/ખ પ્રોએકટીવ ડીસ્કલોઝર (પીએડી)ના ક્રમાંકઃ ૧ થી ૧૭

### (૧) પોતાના વ્યવસ્થા તંત્ર, કાર્યો અને ફરજોની વિગતો - નિયમસંગ્રહ-૧

| | | |
|---|---|---|
| (૧) | નિગમનો ઉદ્દેશ - હેતુ | ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમનો ઉદેશ રાજયમાં વસેલા સફાઇ કામદારો અને તેમના આશ્રિતોને તેઓના પરંપરાગત અસ્વચ્છ વ્યવસાયમાંથી મુક્તિ અપાવી તેઓ અને તેઓનાં આશ્રીતો ગૌરવપૂર્ણ જીવન જીવી શકે તે માટે જરૂરી સહાય પુરી પાડી તેમનું પુનઃસ્થાપન કરવાનો છે. |
| (૨) | નિગમનું મિશન /દુરદેશીપણું (મિશન) | (૧) સફાઇ કામદાર/તેમના આશ્રિતોને નિગમની વિવિધ યોજનાઓ અન્વયે જરૂરી નાણાંકીય લોન/સહાય પુરી પાડવી.<br>(૨) જાગૃતતા શિબીરોનૂં આયોજન કરી લાભાર્થીઓ સુધી નિગમના લાભો વિશે માહિતી આપવી.<br>(૩) તાલીમ વર્ગોનું આયોજન કરી જુદા જુદા ધંધા/વ્યવસાય માટે લાભાર્થીને પગભર કરવા.<br>(૪) ઘર વિહોણા સફાઇ કામદારો અને તેમના આશ્રિતોને રહેણાંક માટે આવાસની સુવિધા પુરી પાડવી<br>(૫) રાષ્ટ્રીય કાર્યક્રમો અપનાવવા સમાજની જાગૃતતા.<br>(૬) રાષ્ટ્રીય અર્થતંત્રમાં સપ્રમાણ ભાગીદીરીની સક્રિયતા.<br>(૭) સ્વૈચ્છિક સંસ્થાઓની રચના,સમાજ-સંમેલન-શિબીર દ્વારા સર્વગ્રાહી જાગૃતતા.<br>(૮) મેન્યુઅલ સ્કેવેન્જર્સ એકટ, ૨૦૧૩ અને રૂલ્સ, ૨૦૧૩ ના અમલીકરણની કામગીરી કરાવી સફાઇ કર્મચારીઓને ગટરમાં સફાઇ માટે ઉતારવા પર પ્રતિબંધ મૂકી સ્થાનિક સત્તાઓ સફાઇના સાધનો વસાવી ગટર સફાઇ કરે તે સુનિશ્ચિત કરવું.<br>(૯) સફાઇ કામદારોનાં આકસ્મિક મૃત્યુ પ્રસંગે વીમા કવચ પૂરૂ પાડવું<br>(૧૦) સફાઇ કામદારોને સેનેટરી માર્ટની રચના માટે પ્રોત્સાહિત કરવા. |
| (૩) | નિગમનો ટુંકો ઇતિહાસ અને તેની રચનાનો સંદર્ભ | <u>નિગમની રૂપરેખાઃ</u><br>ગુજરાત સરકારે સમગ્ર દેશમાં સૌપ્રથમ વખત અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા સફાઇ કામદારોને અન્ય સ્વચ્છ વ્યવસાયો તરફ વાળવા માટે રાજય સ્તરે એક અભિયાન ચલાવી વિવિધ યોજનાઓ મારફતે સફાઇ કામદારો અને તેમના આશ્રિતોને આર્થિક રીતે પગભર કરી સમાજમાં માનભર્યું સ્થાન મેળવી શકે તે હેતુથી ૧૯૯૪ માં રચવામાં આવેલ ગુજરાત સફાઇ કામદાર વિકાસ બોર્ડનું રૂપાંતર કરી તા. ૨૪-૧૦-૨૦૦૧ ના રોજ ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમની સ્થાપના કરી રૂ. ૫.૦૦ કરોડની શૈરમૂડી સાથે નિગમને કાર્યવંત કર્યું છે. |
| (૪) | નિગમની ફરજો | (૧) વહીવટી અને નાણાંકીય ફરજો અદા કરવી.<br>(૨) નિગમના હેતુઓ સિધ્ધ થાય તેવા કાર્યક્રમો હાથ ધરવા.<br>(૩) સફાઇ કામદારો અને તેમના આશ્રિતોનું સર્વેક્ષણ કરવું.<br>(૪) તારણો રજુ કરવા અને આનુંસાંગિક પગલાં ભરવા.<br>(૫) જાગૃતતા શિબિર, તાલીમ શિબિરનું આયોજન કરી વિકાસ માટે કાર્યક્રમ ઘડવા.<br>(૬) NSKFDC, ભારત સરકાર અને રાજય સરકારની વિવિધ નિર્દિષ્ટ યોજનાઓનું અસરકારક રીતે અમલીકરણ કરવું |
| (૫) | નિગમની મુખ્ય પ્રવૃતિઓ/કાર્યો | (૧) વહીવટી અને નાણાંકીય કાર્યો.<br>(૨) નિગમની ત્રિમાસીક, વાર્ષિક બેઠક બોલાવવી.<br>(૩) વહીવટી અહેવાલ નાણાંકીય અહેવાલ તૈયાર કરવા અને સરકારશ્રીમાં રજૂ કરવા.<br>(૪) સફાઇ કામદારો અને તેમના આશ્રિતોના પ્રશ્નો જાણવા સમજવા અને નિરાકરણ માટેના કાર્યક્રમો ઘડવા.<br>(૫) આર્થિક/સામાજીક ઉત્કર્ષ માટે ખાસ યોજનાઓ અમલમાં મુકવી.<br>(૬) રાજય સરકાર અમલીત યોજનાઓનો અમલ કરવો.<br>(૭) યોજનાના અમલવારી/પરિણામલક્ષી લાવી મુલ્યાંકન કરાવવું.<br>(૮) સરકાર દ્વારા સોંપવામાં આવતાં કાર્યો અમલમાં મુકવા. |

| | | | | |
|---|---|---|---|---|
| (૬) | નિગમ દ્વારા આપવામાં આવતી સેવાઓની યાદી અને તેનું સંક્ષિપ્ત વિવરણ. | ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા નીચે મુજબની સેવાઓ પુરી પાડવામાં આવે છે. | | |
| | | **સેવાઓ** | **વિવરણ** | **વિશેષ નોંધ** |
| | | આર્થિક ઉત્કર્ષની યોજનાઓ | રાષ્ટ્રીય સફાઇ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હી દ્વારા અમલીત સીધા ધિરાણની યોજનાઓ. | આ યોજનાના અમલ માટે રાષ્ટ્રીય સફાઇ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ સાથે આ નિગમ ચેનેલાઇઝીંગ એજન્સી તરીકે કામગીરી કરે છે. |
| | | ૧. સીધા ધિરાણની યોજના<br>(અ) મહિલા સમૃધ્ધિ યોજના<br>(બ) માઇક્રો ક્રેડિટ ફાઇનાન્સ યોજના<br>(ક) મહિલા અધિકારીતા યોજના<br>(ડ) ટર્મ લોન (મોટુ ધિરાણ) | વ્યાજદર ૪ થી ૬ ટકા સુધી | |
| | | | <u>**ઉદાહરણરૂપ યોજનાઓ**</u> | |
| | | | (૧) દુધાળા ઢોર | (૧૧) ઠંડા પીણા/પાર્લર |
| | | | (૨) કરીયાણાની દુકાન | (૧૨) કટલરી સ્ટોર |
| | | | (૩) અનાજ દળવાની ઘંટી | (૧૩) ઇલે.આઇ.રીપેરીંગ |
| | | | (૪) રેડીમેડ ગાર્મેન્ટ | (૧૪) ઓટો રિક્ષા |
| | | | (૫) દરજીકામ સુથારીકામ | (૧૫) પેસેન્જર રિક્ષા CNG |
| | | | (૬) સાય./ઓટો રીપેરીંગ | (૧૬) લોડીંગ રિક્ષા |
| | | | (૭) મંડપ ડેકોરેશન | (૧૭) જીપ- ટેક્ષી |
| | | | (૮) કોમ્પ્યુટર જોબવર્ક | (૧૮) ગાર્બેજ માટેના વાહનો |
| | | | (૯) ફોટો/વિડીયોગ્રાફી | (૧૯) ટ્રેક્ટર વીથ ટ્રોલી |
| | | | (૧૦) બ્યુટીપાર્લર | (૨૦) મ્યુઝીક બેન્ડ |
| | | ૨. શૈક્ષણિક લોન યોજનાઃ | વ્યાજદરઃ વિધાર્થીની માટે ૩.૫ ટકા અને વિધાર્થી માટે ૪ ટકા -ભારતમાં અભ્યાસ માટે રૂ. ૧૦.૦૦ લાખ સુધી<br>- વિદેશ અભ્યાસ માટે રૂ. ૨૦.૦૦ લાખ સુધી | |
| | | ૩. સેનેટરી માર્ટ યોજના | - ઓછામાં ઓછા દશ સભ્યો અને વધુમાં વધુ ૨૫ સભ્યોની મંડળી<br>- સભ્ય દીઠ ૫૦ ટકા સહાય મળવાપાત્ર (વ્યકિતદીઠ રૂા. ૨૦,૦૦૦ નું ધીરાણ જે પૈકી રૂા. ૧૦,૦૦૦ સહાય) | |
| | | ૪. ડૉ. આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના | રાજય સરકારની આ યોજના હેઠળ સફાઇ કામદારો કે તેઓના આશ્રિતોને રહેણાંકના પાકા મકાનો બનાવવા માટે વ્યકિગત રૂા.૧,૨૦,૦૦૦/- ની સહાય તેમજ બિન વ્યાજકીય લોન શહેરી વિસ્તાર માટે રૂા. ૬૦,૦૦૦/- તથા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૩૦,૦૦૦/- આપવાની જોગવાઇ છે. મકાનની ટોચની કિંમત શહેરી વિસ્તાર માટે રૂા. ૧૦,૦૦,૦૦૦/- લાખ અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૭,૦૦,૦૦૦/- રહેશે. બિન વ્યાજકીય લોનની વસુલાત મહાનગરપાલિકા/નગરપાલિકાએ કર્મચારીઓનાં પગારમાંથી દર માસે રૂા. ૫૦૦/- નો એક એવા ૧૨૦ હપ્તામાં કરીને તેની નિયમિત ચૂકવણી નિગમને કરવાની રહે છે | |
| | | ૫. જૂથ જનતા અકસ્માત વીમા કવચ યોજના | -સફાઇ કામદારનું ફરજ દરમ્યાન આકસ્મિક મૃત્યુ થાય તે પ્રસંગે વીમા નિયામકશ્રી મારફતે રૂા. ૧.૦૦ લાખના વીમા કવચ અને ગટરમાં ગુંગણામણથી/ડુબી જવાથી મૃત્યુ થાય તો રૂ. ૧.૦૦ લાખનું વીમા કવચ ઉપરાંત બીજા રૂ. ૨.૦૦ લાખ સફાઇ કામદારના આશ્રિત/કુટુંબને નિગમ દ્વારા ચૂકવણી. | |

| | | |
|---|---|---|
| (૭) | નિગમ અને સહાયક માળખું નીચે મુજબ છે. |  |
| (૮) | નિગમની અસરકારકતા અને કાર્યક્ષમતા વધારવા માટેની લોકો પાસેથી અપેક્ષાઓ. | (૧) નિગમ નાગરીકો પાસેથી સૌજન્યપુર્ણ અભિગમની અપેક્ષા.<br>(૨) મુલાકાત સમયે કાયદાનું ચુસ્ત પાલન<br>(૩) અધિકારી /કર્મચારી સાથે સહકારી ભર્યુ વલણ.<br>(૪) મુદ્દાસર અને ચોક્કસ રજુઆત .<br>(૫) સર્વાગી હકારાત્મક અભિગમ<br>(૬) બિનજરૂરી-બિન ઉત્પાદકીય બાબતોમાં સમયનો બગાડ અનિચ્છનીય.<br>(૭) સમય મર્યાદા અને તેમના નિયમોનું પાલન આવશ્યક .<br>(૮) ઉપયોગી સલાહ -સુચન નિગમની કાર્યક્ષમતા વધારશે.<br>(૯) સુસંસ્કૃત નાગરિક તરીકે સૌંદર્ય પૂર્ણ વાણી -વર્તન<br>(૧૦) પ્રેરણારૂપ સહકાર તંત્રનો પ્રાણવાયુ બનશે. |
| (૯) | લોક સહયોગ મેળવવા માટેની ગોઠવણ અને પધ્ધતિઓ | **લોક સહયોગની પદ્ધતિઓઃ-**<br>(૧) સમાજ સંમેલન-જાગૃતિ શિબિર.<br>(૨) શૈક્ષણિક સેમીનારનું આયોજન.<br>(૩) સમાજના આગેવાન શિક્ષિત પ્રબુદ્ધ નાગરિકો સાથે ચર્ચા વિચારણા-કાર્યશિબિર.<br>(૪) બિનસરકારી સંસ્થાઓની સકારાત્મક ભાગીદારી.<br>(૫) જાહેર એકમો, સંસ્થાઓ દ્વારા લોકોના સ્વાસ્થય સંબંધી જાણકારીના કેમ્પ.<br>(૬) તંત્રની સંપૂર્ણ જાણકારી-માહિતી માટે પ્રચારાર્થે પુસ્તિકાચાર્ટ-ચિત્રો મોડેલ વિગેરેનું પ્રદર્શન-વિતરણ.<br>(૭) તંત્રની તમામ પ્રવૃત્તિઓમાં પારદર્શકતા.<br>(૮) સકારાત્મક અભિગમ સાથે ઉત્કર્ષ અંગેની ખેવના.<br>(૯) લોન વસુલાતમાં સામાજિક આગેવાનોનો સહયોગ.<br>(૧૦) લોન વિતરણ કાર્યક્રમો |
| (૧૦) | સેવા આપવાના દેખરેખ નિયંત્રણ અને જાહેર ફરિયાદ નિવારણ માટે ઉપલબ્ધ તંત્ર. | સેવા આપવાના દેખરેખ નિયંત્રણ અને જાહેર ફરિયાદ નિવારણ માટેનું તંત્ર<br>માહિતિ મેળવવાના અધિકાર અધિનિયમ ૨૦૦૫ અન્વયે માહિતી મેળવી શકાય છે. |
| (૧૧) | કચેરી શરૂ થવાનો સમય<br>કચેરી બંધ થવાનો સમય | સવારના ૧૦:30 કલાકથી<br>સાંજના ૬:૧૦ કલાક (આ સમય જાહેર રજાના દિવસો સિવાયનો છે.) |